ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૭.૦ ડીગ્રી
લઘુતમ : ૧૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૪ ટકા ● સાંજે ૬૮ ટકા

# સિવિલના લેબર વોર્ડમાં પાણી ન આવતા દર્દીઓ હેરાન

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લાખો રૂપીયાના ખર્ચે લેબર વોર્ડ, એચડીયુ અને આઈસીયુ વિભાગ તૈયાર કરાયો છે. સમગ્ર રાજયની સિવિલમાં કદાચ આ પ્રકારનો પ્રથમ લેબર વોર્ડ તૈયાર કરાયો છે. સિવિલમાં આવતી સગર્ભા મહિલાઓને સારવાર આપવાની શરૂઆત પણ આ વોર્ડમાં કરી દેવાઈ છે ત્યારે છેલ્લા ત્રણ દિવસથી આધુનિક લેબર વોર્ડમાં પાણી વિના મહિલા દર્દીઓ હેરાન પરેશાન થઈ ઉઠી છે.

ગાંધીનગર સિવિલમાં વહીવટી તંત્ર ખાડે ગયુ હોય તેમ લાગી રહ્યું છે. અનેક સમસ્યાઓથી ઘેરાયેલ સિવિલ દર્દીઓને પાણી પહોંચાડવામાં પણ ઉણુ ઉતર્યુ હોય તેમ લાગે છે. સિવિલના નવા બિલ્ડીંગમાં આવેલ તમામ વિભાગના વોર્ડ દર્દીઓ અને મુલાકાતીઓથી ઉભરાય છે. ત્યારે આઠમા માળે, હિમોડાયાલીસીસ સહિતના કેટલાક વોર્ડમાં પાણીનો કકળાટ યથાવત રહેવા પામ્યો છે. જેને પગલે જિલ્લાભરમાંથી આવતા સામાન્ય દર્દીઓને ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો છે. સિવિલના ઓપરેશન થિયેટરમાં પણ પાણી ન આવતા સ્ટાફને પણ ભારે પરેશાની ભોગવવી પડે છે. પાણી માટે પીઆઈયુ વિભાગ દ્વારા નવિન બોર પણ પણ બનાવાયો છે. બોરમાંથી પાણી પણ પહોંચાડવાનું કાર્ય કરવામાં આવે છે તેમ છતા પાણીના પોંકાર ઉઠવા પામે છે. જયારે પાણી ન આવતા સવારના સમયે દર્દીઓને શૌચક્રિયા સહિતના કામમાં વિલંબ થાય છે. સિવિલમાં તાજેતરમાં આધુનિક લેબર વોર્ડ તૈયાર કરાયો છે. જેમાં ૩૦ જેટલા બેડ રાખવામાં આવ્યા છે. મહિલા માટે આઈસીયુ અને એચડીયુ યુનિટ સાથેના લાખો રૂપીયાના ખર્ચે તૈયાર થયેલા વોર્ડ જ પાણી ન આવતા મહિલા દર્દીઓ ત્રાહીમામ પોંકારી ઉઠી છે. ભરપુર સુખ સુવિધાથી બનાવેલા લેબર વોર્ડમાં પાણી ન આવે તે શરમજનક બાબત કહી શકાય. ઉનાળાના સમયે પાણીનો કકળાટ સર્જાય તે તો સમજાય પણ શિયાળાની સિઝનમાં પાણીની તંગી પડે તે નવાઈ ઉપજાવે છે. જયારે કેટલાક સ્થાનો પર સિવિલમાં ટાંકી ઉભરાતા પાણી નીચે સુધી આવી પહોંચે છે ત્યારે બંધ કરવાની તસ્દી પણ કોઈ લેતું નથી.

# આજે એબીવીપીની ધ્વજયાત્રા યોજાશે

ગાંધીનગર, તા.૧

ગાંધીનગરમાં આવતીકાલે સાંજે ૪.૩૦ કલાકે ઘ-૪ સર્કલથી ઘ-૫ સર્કલ સુધી અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ દ્વારા ધ્વજયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. કેરળમાં થયેલ આરએસએસ અને એબીવીપીના કાર્યકર્તાઓની હત્યાઓના વિરોધમાં આ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલીમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદના ગાંધીનગર એકમના હોદ્દેદારો તથા મોટી સંખ્યામાં વિદ્યાર્થી પ્રતિનિધિઓ અને કાર્યકર્તાઓ જોડાશે. અત્રે ઉલ્લેખનીય છે કે એબીવીપી દ્વારા કેરળની ઘટનાઓના સંદર્ભે રાજય વ્યાપી ધ્વજયાત્રા યોજી વિરોધ પ્રદર્શન કરવામાં આવી રહ્યું છે.

# ચોરીના બાઈક સાથે સિવિલ પાસેથી એક શખ્સ ઝડપાયો

**ડુપ્લીકેટ ચાવીથી પંદરેક દિવસ પહેલા પેથાપુરથી બાઈક ચોર્યું હતું ને નંબર પ્લેટ કાઢીને ફેરવતો હતો...!**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમના પીએસઆઈ એમ.જે. સિંહ તેમના સ્ટાફ સાથે પેટ્રોલીગમાં હતા ત્યારે હેડ કોન્સ્ટેબલ સંદિપકુમાર અને જયવિરસિંહને ખાનગી રાહે બાતમી મળી હતી કે સિવિલ હોસ્પિટલ પાસે પંડીત દિનદયાળ મેડીકલ સ્ટોર પાસે ચોરીના બાઈક સાથે એક શખ્સ ઉભો છે. આ બાતમી આધારે સ્થળ પર પહોંચી જઈ તેને પકડીને પુછપરછ કરતાં પેથાપુર મોટી શેરીમાં રહેતા દિપક સુરેશસિંહ ડાભી નામનો શખ્સ હોવાનું ખુલ્યું હતું. તેની પાસેના સ્પ્લેન્ડર બાઈક અંગે ઊંડાણપૂર્વક પુછતાછ કરતા તેણે કબુલાત કરી હતી કે આ બાઈક પંદરેક દિવસ પહેલા તેણે પેથાપુરના વિરાટ કોમ્પ્લેક્ષના પાર્કીંગમાંથી ડુપ્લીકેટ ચાવીથી ખોલી ચોરી કર્યું હતું. ત્યાર બાદ નંબર પ્લેટ કાઢીને તે બાઈક ફેરવતો હતો. સ્પ્લેન્ડર રીકવર કરી આરોપીની ધરપકડ કરી એલસીબીએ કાયેદસારની કાર્યવાહી હાથ ધરી છે.



# સેકટરોના રહેણાંક વિસ્તારમાં નીલગાયના સરળતાથી આંટાફેરા

**શહેરના ધોળાકુવા, ચિલોડા તેમજ અન્ય માર્ગો પર દેખા દેતી નીલગાયનું રહેઠાણ મુશ્કેલીરૂપ**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર-અમદાવાદ તરફ જતા માર્ગો પર દેખા દેતી નીલગાય હવે ધીમે ધીમે સેકટરોના રહેણાંક વિસ્તારના મકાનોમાં ડોકીયા કરતી થઈ ગઈ છે. નીલગાય પણ માનવ પ્રકૃતિથી જાણે હવે બિન્દાસ બની ગઈ હોય તેવું લાગી રહ્યું છે. સેકટરોના આંતરીક માર્ગો પર નીલગાય સરળતાથી આંટાફેરા મારી રહી છે. જયારે તંત્રના વાંકે નાગરીકોની અને નીલગાયની બંન્નેની હાલત કફોડી હોય તેવું લાગી રહ્યું છે.

સમગ્ર ગુજરાતની સાથે સાથે ગાંધીનગરનો પણ રોકેટગતિએ વિકાસ થવા પામ્યો છે. ગાંધીનગર-અમદાવાદ ટવીન સીટી બનવા જઈ રહ્યું છે. ગાંધીનગરથી અમદાવાદ સુધી સિમેન્ટ ક્રોંકિટના જંગલો ઉભા થઈ ગયા છે. જયા નજર કરો ત્યાં મોટી ઈમારતો દેખાઈ રહી છે. ઉભા પાકથી લેહરાતા ખેતરોમાં આધુનિક ઈમારતો તૈયાર થઈ ગઈ છે. જેને પગલે પર્યાવરણ અને વન્યસૃષ્ટી જોખમાઈ રહી છે. કુદરતી વાતાવરણમાં પશુ-પક્ષીઓ, સરિસૃપો, જંગલી પ્રાણીઓ, સહિતના પ્રાણીઓની વસવાટ માટેની જગ્યા માટે સવાલો ઉભા થયા છે. ત્યારે શહેરના ધોળાકુવા, ચિલોડા તેમજ અન્ય માર્ગો પર દેખા દેતી નીલગાયનું રહેઠાણ મુશ્કેલીરૂપ બન્યું હોય તેમ હવે સેકટરોના માર્ગો પર આવી ગઈ છે. સેકટરોના રહેણાંક વિસ્તારના ઘરોમાં નીલગાય ડોકીયા કરતી થઈ ગઈ છે. સામાન્ય અવાજથી ભડકીને તુરંત દોડતી નીલગાય હાલના સમયે દુર પણ જતી નથી. રહેણાંક વિસ્તારોમાં ફરતી નીલગાયને જોઈને નાના બાળકો પણ અચરજ પામે છે. જયારે સેકટરોમાં રોકેટગતિએ વાહનો હંકારતા વાહન ચાલકો નીલગાયને જોઈને તરત ધીમી ગતિ કરી દે છે. નદીકાંઠા વિસ્તારમાં ફરતી નીલગાયો ત્યાં પણ મકાનો બનતા માર્ગો પર અને આગળ વધતા રહેણાંક મકાનો સુધી આવી પહોંચી છે.



## વાતવાતમાં

● શહેરના દરેક મુખ્ય સર્કલે તથા જાહેર સ્થળોએ લગાડવામાં આવેલ પબ્લિક એનાઉન્સમેન્ટ સીસ્ટમનું રૂટિન ટેસ્ટીંગ કરવામાં આવી રહ્યું હતું ત્યારે તેનો અવાજ ખૂબ વધી જવા પામ્યો હતો. લાંબા સમય સુધી મોટા અવાજે સીસ્ટમ ચાલુ રહેવાને કારણે વાહનચાલકો, રાહદારીઓ સહિત અનેક નાગરિકો પરેશાન થઈ ઉઠયા હતા.

● શહેરના ગ-૧ સર્કલે લગાડાયેલ હાઈ માસ ટાવર છેલ્લા કેટલાક સમયથી બંધ થઈ જવા પામ્યો છે. હાઈ માસ ટાવર બંધ થવાને કારણે રાત્રિના સમયે અહીંથી પસાર થઈ રહેલા વાહનચાલકોને અગવડ પડી રહી છે.

# સે-૫ ખાતે મતદાર જાગૃતિ અભિયાન યોજાયુ

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર શહેરના સેકટર-૫ શોંપીગ સેન્ટર પાસે મતદાર જાગૃતિ અભિયાન યોજાયુંહતું. જેમાં સેકટરના વસાહતી ભાઈ બહેનોને આગામી વિધાનસભા ચુંટણીમાં તમારો કિંમતી મત ઈવીએમ અને વીવીપેટ મશીન દ્વારા કેવી રીતે આપવો તેનો ડેમો આપી સમજાવવામાં આવ્યું હતું.આ પ્રસંગે વસાહતી ભાઈ બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સેકટર-૫ વસાહત મંડળ અને જિલ્લા ચુંટણી પંચના ઝોનલ અધિકારી દ્વારા મતદાર જાગૃતિ અભિયાનનું આયોજન શોંપીગ સેન્ટર પાસે કરાયું હતું. જેમાં સે-૫ ના એ, બી અને સી વિભાગના સર્વેવસાહતી ભાઈ બહેનોને ઈવીએમ અને વીવીપેટથી મતદાન કરીને પોતાનો મત કોને આપ્યો છે તેની જાણકારી મેળવી હતી. આ પ્રસંગે સે-૫ વસાહત મંડળના હોદેદારો કેશરીસિંહ બિહોલા, ઈશ્વરભાઈ પટેલ, સાગરદાન ગઢવી, ઈશ્વરભાઈ દેસાઈ, માધાભાઈ ચૌધરી,સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

## જન્મદિને વધામણી



મીરા દવે
મો. ૯૪૨૭૬ ૦૦૩૧૬
ફોન : ૨૩૨૨૬૩૯૫



યતીન્દ્ર કા ભટ્ટ



યશોધર એ પરમાર
યુજીવીસીએલ
મો. ૯૯૨૫૨ ૧૨૬૯૭



યોગિતાબેન દિનેશભાઈ પરમાર

# દારૂના વધુ ત્રણ અડ્ડાઓ પર એલસીબીના દરોડા

**ટીંટોડા, વાસણ મહાદેવ અને રખિયાલ નજીક બિલમણા ગામમાં દરોડા પાડી દેશી અને વિદેશી દારૂ વેચતા બુટલેગરો પકડયા**

ગાંધીનગર, તા.૧

ગાંધીનગર જિલ્લામાં દેશી-વિદેશી દારૂના અડ્ડાઓ પર પોલિસે તવાઈ મચાવી છે ત્યારે આજે ગાંધીનગર એલસીબીની ટીમોએ વધુ ત્રણ સ્થળોએ દેશી વિદેશી દારૂના અડ્ડાઓ પર સપાટો બોલાવી બુટલેગરોને દબોચી લીધા છે. ચારેય તરફથી પોલીસે બોલાવેલી ઘોંસને પગલે બુટલેગરોમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

ગાંધીનગર એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહિતની ટીમે જિલ્લાના અલગ અલગ સ્થળે દેશી-વિદેશી દારૂના વધુ ત્રણ અડ્ડાઓ પર દરોડા પાડી કડક કાર્યવાહી હાથ ધરી છે. વાસણ મહાદેવ ગામની સીમમાં ખુલ્લા ચરામાં દરોડો પાડી દેશી દારૂનો વેપલો કરતા અરવિંદ ઉર્ફે નેનકો શંકરજી વાઘેલા અને લાલસિંહ પ્રવિણસિંહ વાઘેલાને ૨૬ લીટર દેશી દારૂ સાથે પકડી પાડયા હતા તો બીજી તરફ ટીંટોડા ગામમાં સુરજબેન શિવાજી ઠાકોરના અડ્ડે દરોડો પાડી ૨૦લીટર દેશી દારૂ તથા ૨૦૦લીટર દારૂ ગાળવા વપરાતો વૉશનો જથ્થો પકડી એલસીબીએ બંને ગુના પેથાપુર પોલિસ સ્ટેશનમાં નોંધાવ્યા છે. તે ઉપરાંત જિલ્લાના રખિયાલ પોલિસ સ્ટેશન વિસ્તારમાં આવેલા બિલમણા ગામમાં વિદેશી દારૂનો વેપલો કરતા વિજય ઉર્ફે અશોક ઉર્ફે શેઠ્ઠી અરજન પરમારને ત્યાં દરોડો પાડી ૨૩ નંગ વિદેશી દારૂની બોટલો સાથે તેને પકડી પાડયો છે. જેમાં એક શખ્સ વોન્ટેડ છે. ત્રણેય દરોડા પાડી એલસીબીએ કડક કાર્યવાહી શરુ કરતા બુટેલગરો ભુગર્ભમાં ઉતરી ગયા છે.

## રીક્ષામાં દારૂની હેરાફેરી કરતો બુટલેગર પકડાયો

ગાંધીનગર, તા.૧

ચિલોડા પી.આઈ. નિરજ પટેલની ટીમે ગઈ મોડી સાંજે ચંદ્રાલા પાસે વૉચ ગોઠવી ચોકકસ બાતમી આધારે રીક્ષામાં દારૂની હેરાફેરી કરતા બુટલેગરને પકડી પાડયો હતો. જીજે ૧૮ યુ ૨૭૨૨ નંબરની રીક્ષા પકડી તેમાં તપાસ કરતા અંદરથી ૪૮ નંગ વિદેશી દારૂની બોટલો મળી આવી હતી. પોલીસે બાપુનગરના બલરાજ શંકર કરલી નામના શખ્સને રિક્ષા, મોબાઈલ અને દારૂ સહિત કુલ રૂ. ૫૦,૪૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડયો હતો જયારે તેના સાગરીતો સંજય અને યોગેશ વાસુદેવ પવાર બંને અંધારાનો લાભ લઈને ભાગી છુટવામાં સફળ થયા હતા. ચિલોડા પોલિસે ગુનો નોંધી ઊંડી તપાસ શરુ કરી છે.

# ફલેટના રૂપિયા લીધા પછી તેનો દસ્તાવેજ ના કરીને છેતરપીંડી

**કોટેશ્વર ગામે એક ફલેટ વેચીને દંપતિએ દસ્તાવેજ ન કરી આપતા ગ્રાહકે ફરિયાદ નોંધાવી**

ગાંધીનગર નજીક કોટશ્વર ગામમાં આવેલી સંગાથ નેનો ફલેટની સ્કીમમાં અમદાવાદના ગ્રાહકે એક ફલેટ ૨૪ લાખમાં ખરીદ્યો પરંતુ તે ફલેટના માલિક દંપતિએ એક વર્ષ બાદ પણ હજુ ફલેટ ખરીદનાર ગ્રાહકને ફલેટનો દસ્તાવેજ કરી આપ્યો નથી. આખરે છેતરપીંડીનો ભોગ બનનાર ગ્રાહકે અડાલજ પોલિસ મથકમાં દંપતિ સામે ફરિયાદ નોંધાવતા અડાલજ પોલિસે બંનેની ધરપકડ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

અમદાવાદના ગોતા ઓગણજ વિસ્તારમાં રહેતા કનુભાઈ મહાદેવભાઈ નામકાએ તેમની સાથે થયેલા વિશ્વાસઘાત અને છેતરપીંડી મામલે પોલિસ ફરિયાદ નોંધાવી છે. તેમણે નોંધાવેલી ફરિયાદ મુજબ ૫ એપ્રિલ ૨૦૧૬માં તેમણે કોટેશ્વર ગામે સંગાથ નેનો ફલેટમાં એક મકાન લીધું હતું. મુળ રાણીપ રહેતા અને હાલ રણાસણ ખાતે યોગેશ્વર સોસાયટીમાં રહેતા મયુરીબેન દક્ષ પંચાલ અને દક્ષ મહેશ પંચાલ પાસેથી તેમણે ફલેટ નં. એ-૨૦૨ તે વખતે રૂ. ૨૪ લાખમાં ખરીદ્યો હતો. રૂપિયા આપી દીધા બાદ પણ બંને મકાન માલિકોએ હજુ સુધી આ ફલેટનો દસ્તાવેજ કરી નામે કરી આપ્યો નથી. જે અંતર્ગત રૂ. ૨૪ લાખની છેતરપીંડી અને વિશ્વાસઘાત મામલે અડાલજ પોલિસ મથકમાં પતિ-પત્નિ મયુરી અને દક્ષ પંચાલ સામે કનુભાઈએ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી ઉંડી તપાસ શરુ કરી છે.

# એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલની વિદ્યાર્થીઓનો પ્રવાસ યોજાયો

ગાંધીનગર, તા.૧

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા દ્વારા ધોરણ-૬ થી ૮ની વિદ્યાર્થીની બહેનો માટે રાજસ્થાનના સુપ્રસિધ્ધ સ્થળ જેસલમેર અને જોધપુર પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં શાળાની ૧૦૪ વિદ્યાર્થીનીઓ તથા ૮ શિક્ષક મિત્રો જોડાયા હતા. પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીનીઓને બંને સ્થળોનું ઐતિહાસિક મહત્વ સમજાવવામાં આવ્યું હતું. વિદ્યાર્થીનીઓએ રાત્રિ રોકાણ, રાજસ્થાની નૃત્ય, સાંસ્કૃતિક કાર્યક્રમ તથા ઐતિહાસિક સ્થળોની મજા માણી હતી. જોધપુરમાં આવેલ ઉમેદભવન તથા મહેરાણ ગઢની મુલાકાતથી વિદ્યાર્થીનીઓ ખુબ પ્રભાવિત થઈ હતી. સમગ્ર પ્રવાસનું આયોજન શાળાના આચાર્ય નીરૂબેન જે. પટેલના માર્ગદર્શન હેઠળ શાળાની પ્રવાસ કમિટિ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. દિલીપભાઈ દોલતભાઈ નાનકાણી, ઉ.વ. ૪૩
- સ્વ. કપીલાબેન રઘુનાથભાઈ બારોટ, ઉ.વ. ૬૫
- સ્વ. નંદુબા ભૂપતસિંહ રાણા, ઉ.વ. ૪૫
- સ્વ. તેજુબેન કાનાજી વાઘેલા, ઉ.વ. ૬૨
- સ્વ. સોલંકી રામુબેન મંગાજી, ઉ.વ. ૮૫

# એએફએસના દિવાળી સંમેલનમાં માનસિક વિશિષ્ટ બાળકોને મોજ કરાવાઈ

**હેત ફાઉન્ડેશનના બાળકોને વિવિધ રમતો રમાડી સ્મૃતિ ભેટ અપાઈ તથા સમૂહ ભોજનમાં પણ સામેલ કરાયા**

ગાંધીનગર, તા.૧

બે દેશો વચ્ચેની સંસ્કૃતિનું વિદ્યાર્થીઓના માધ્યમથી આદાન-પ્રદાન માટે કાર્યરત અમેરિકન ફિલ્ડ સર્વિસના ગાંધીનગર એકમ દ્વારા ગત રવિવારે ગીર ફાઉન્ડેશન ખાતે દિવાળી ઉજવણી અંતર્ગત સ્નેહ મિલન સમારંભ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો આ કાર્યક્રમમાં ગાંધીનગરના સે-૭માં કાર્યરત હેત ફાઉન્ડેશન સંસ્થાના ૧૦થી વધુ દિવ્યાંગ બાળકોને પણ સામેલ કરી તેમને વિવિધ રમતો રમાડી સંસ્થાના સ્વયંસેવકો સાથે સમૂહભોજન કરાવાયું હતું અને બાળકોને સ્મૃતિ ભેટ આપવામાં આવી હતી.

સેકટર-૭માં માનસિક વિશિષ્ટ બાળકો માટે વોકેશનલ ટ્રેનિંગ દ્વારા જીવનમાં પગભર થવાની ક્ષમતા પુરી પાડવા કાર્યરત હેત ફાઉન્ડેશનના બાળકોના ચહેરા પર સ્મિત રેલાવવા એએફએસ ગૃપ દ્વારા પ્રયાસ કરાયો હતો. એએફએસ ગૃપના દિવાળી સેલિબ્રેશન કાર્યક્રમમાં આ બાળકોને સામેલ કરી તેમને વિવિધ રમતો રમાડવામાં આવી હતી જેમાં બેલેન્સીંગ ધ બુક, બૉલ થ્રો, બકેટ બૉલ, મેમરી ગેમ વગેરેનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બાળકોને શ્લોક પઠન, સ્તુતિ ગાન વગેરે સાથે સમગ્ર કાર્યક્રમ જ્ઞાન સાથે ગમ્મત ભર્યો બની રહ્યો હતો. આ કાર્યક્રમમાં હેત ફાઉન્ડેશનના ૧૨ બાળકો સહિત સંસ્થાના સંચાલિકા મીરાબેન ગઢવી તથા ક્રાફટ શિક્ષક હર્ષિદાબેન દવે પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે એએફએસના ૪૦થી વધુ સ્વયંસેવકો પણ જોડાયા હતા જેમાં બે વિદેશી વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. જેમાં જર્મનીના યોન્ટે અને અમેરિકાની અનિકાનો સમાવેશ થાય છે.

સમગ્ર કાર્યક્રમનું આયોજન એએફએસના ગાંધીનગર ચેપ્ટરના પ્રમુખ વર્ષાબેન પારેખ દ્વારા સ્વયંસેવકોની મદદથી કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની સફળતા માટે એએફએસના સ્વયંસેવકો અનિષ મંકોડી, કેવલ ગજ્જર, ઉત્પલ, ધવલ ખટાણા, અભિજ્ઞ શાહ સહિત અન્ય સ્વયંસેવકોએ જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે માનસિક વિશિષ્ટ બાળકોને સ્મૃતિ ભેટ અર્પણ કરાઈ હતી તથા તેઓ સમાજમાં ભળતા થાય તેવા શુભ હેતુથી તેમને સમૂહ ભોજનમાં પણ સામેલ કરાયા હતા.

## મોડુ થવા છતાં દરેક બાળકને સામેલ કરાયા

બાળકોને કાર્યક્રમમાં સામેલ કરવા એએફએસ દ્વારા ટેક્ષીની વ્યવસ્થા કરવામાં આવી હતી પરંતુ જયારે ટેક્ષી તેમને લેવા ગઈ ત્યારે એક બાળક કાર્યક્રમમાં સામેલ થવા માટે આનાકાની કરતો હતો. જો કે આ બાળકના ઘરે જઈને તેને સમજાવી તેના વાલીની સંમતિ સાથે કાર્યક્રમમાં સામેલ કરાયો હતો જે કરવામાં કાર્યક્રમમાં નિયત સમય કરતા મોડુ થવા પામ્યું હતું પરંતુ સંસ્થાના અભિગમને હેત ફાઉન્ડેશનના સંચાલકોએ બિરદાવ્યો હતો.



